નો. ઓ., જમીન

સાદર રજુ

સાદર જણાવવાનું કે, પ્રસ્તુત દરખાસ્તમાં નોં.વિ.પૃષ્ઠ-૯ ઉપરની સૂચના તેમજ MoEF & CC ભોપાલના તા.૨૨/૦૯/૨૦૨૦ ના પત્રથી મુદ્દા-d, b, c ની પુર્તતા માંગવામાં આવેલ છે, જે અન્વયે અત્રેથી મુખ્ય વન સંરક્ષકશ્રી, કચ્છ વન વર્તુળ, ભુજ પાસેથી મુદ્દાવાર પુર્તતા અહેવાલ મેળવી નીચે વિગતે મુદ્દાવાર અહેવાલ બે પ્રતમાં સાદર કરવામાં આવે છે.

(a) પ્રસ્તુત દરખાસ્તમાં રોડ સિવાય કોઇ વૈકલ્પિક રૂટ નથી.

(b) યુઝર એજન્સી દ્વારા ૧૫૦ મી. લંબાઇ X ૧૨ મી. પહોળાઇ = ૧૮૦૦ ચો.મી. હે.૦.૧૮ ની માંગણી કરવામાં આવેલ છે. જેમાં યુઝર એજન્સી દ્વારા ૮૦ મીટર લંબાઇ X ૧૨ મી. પહોળાઇ = ૯૬૦ ચો.મી. હે.૦.૦૯૬ માં રોડ બનાવવામાં આવેલ છે. વૃક્ષોને કોઇ જાતનું નુકશાન કરવામાં આવેલ નથી. યુઝર એજન્સી દ્વારા વાયોલેશન કરવા બદલ વન વિભાગ દ્વારા ગુન્હો નોંધી દંડપેટે રૂ.૨૦,૦૦૦/- ચલણથી વસૂલ કરવામાં આવેલ છે. જે ગુન્હા અંગેના જરૂરી દસ્તાવેજો તથા ફોરેસ્ટ નકશો આ સાથે પ.વિ. પૃ-૧૩૭ થી ૧૮૩ ઉપર સામેલ રાખવામાં આવેલા છે.

(c) દરખાસ્તમાં વળતર વનીકરણની સ્કીમ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના મોજે: રાજુસરા ગામના સર્વે નં.૮૦/પૈકીમાં ૧.૦૦ હે.ની નવેસરથી સ્કીમ બનાવેલ છે. સ્કીમ તથા ટોપોશીટ તથા જીઓ-રેફરન્સ મેપ વેબ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવેલ છે તેમજ દરખાસ્તમાં પ.વિ.પૃષ્ઠ ૧૮૫ થી ૨૦૩ ઉપર સામેલ રાખવામાં આવેલ છે.

વધુમાં પ્રસ્તુત દરખાસ્તમાં યુઝર એજન્સી દ્વારા સને.૨૦૨૧ માં વાયોલેશન કરવામાં આવેલ હોવાથી ભારત સરકારશ્રીની તા.૨૮/૦૩/૨૦૧૯ ની નવી ગાઇડ લાઇનના ચેપ્ટર-૧ ના મુદ્દા નં.-૧.૨૧(ii) d પ્રમાણે દર વર્ષ માટે એકગણી એમ કુલ એક વર્ષ માટેની એન.પી.વી. (NPV) ની રકમ તથા તેના પર ૧૨% લેખે સાદુ વ્યાજની રકમ સાથે યુઝર એજન્સી પાસેથી વસૂલાત કરવાની શરતે ભલામણ કરવામાં આવે છે. તેથી ઉપરોક્ત શરતોનું પાલન યુઝર એજન્સીએ કરવાની શરતે દરખાસ્ત ભારત સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવા ઘટતુ થવા વિનંતી છે.

અધિક અગ્ર મુ. વ. સં. (જમીન)

અધિક મુ. સ. શ્રી. ( વ. અને પ. )

E:\Table-32.1\સાદર રજુ.docx